## આજે શ્રી હરિશરણ મનોરથા વામન પ્રાગટ્ય ભાગવત સપ્તાહમાં થશે

ગાંધીનગર, તા. ૪

શ્રી કર્ણવભાઈ જોષીના વ્યાસપીઠે યોજાયેલ ભાગવત સપ્તાહમાં આજે શ્રીહરિ શરણ મનોરથા વામન પ્રાગટ્ય, શ્રીરામ જન્મોત્સવ, શ્રીકૃષ્ણ જન્મોત્સવ દર્શન તથા ઝાંખી અને ગજેન્દ્ર મોક્ષ આખ્યાન બપોરે ૧ થી ૫, બ્લોક નં. ૫૭૧, આદર્શનગર, સેકટર-૪માં યોજાશે.

## પાટનાકુવામાં છઠ્ઠીએ તુળજા ભવાની માતાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં દહેગામ તાલુકાના પાટનાકુવા ગામમાં આવેલ ૪૦૦ વર્ષ પ્રાચીન સ્વયંભૂ તુળજા ભવાની મૂર્તિને યથાસ્થાને રાખી જૂના મંદિરની જગ્યાએ રાજસ્થાન ટીહરી પથ્થરનું કલાત્મક નવીન મંદિર ગામ લોકોના સહયોગથી બનાવવામાં આવ્યું છે. નવીન મંદિરનું કામ પૂર્ણ થતાં તેનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજવા માટે તમામ જ્ઞાતિના પરિવારજનોની બેઠક રાત્રે યોજાઈ હતી. જેનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા. ૬ઠ્ઠી ડિસેમ્બરથી યોજાશે.

નવીન મંદિર, શિખર, કળશ, શિખર ધજાદંડ વગેરેની યજમાન માટે મિટીંગ યોજાઈ હતી.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની છઠ્ઠીએ બેઠક

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજનું સ્નેહમિલન તથા દર માસના પહેલા ગુરૂવારે મળતી બેઠક તા. ૬ઠ્ઠી ડિસેમ્બર સંસ્થાના પ્રમુખ એસ.ડી. મલિકના અધ્યક્ષ સ્થાને ચાર વાગે કાર્યાલય સ્વસ્તિક કોમ્પલેક્ષ બીજા માળે ૧૭-૨૨ બસ સ્ટેન્ડ પાસે મળશે.

અમૃત મહોત્સવના સન્માન પત્ર વડીલોને ફોટા સરનામા, ટેલિફોન નંબરના સુધારા-વધારા કરાવવાના હોય તે અંગેની માહિતી સાથે સભ્યોએ અચુક હાજર રહેવા પ્રચારમંત્રી નિરંજન ઓઝાએ જણાવેલ છે.

## ડો. બાબાસાહેબના નિર્માણ દિને પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૪

ભારતના બંધારણના ઘડવૈયા ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના ૫૬માં મહા પરિનિર્વાણદિન નિમિત્તે તા. ૬-૧૨-૨૦૧૨ના રોજ ગુજરાત વિધાનસભા સામે આવેલ ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રતિમા સંકુલ 'પ્રેરણાભૂમિ' ખાતે સવારે ૯.૦૦ કલાકે ઉક્ત સમિતિના ઉપક્રમે શ્રદ્ધા સુમન પુષ્પાંજલિ અર્પવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તેમ સમિતિના મહામંત્રી વિઠ્ઠલભાઈ જે. પરમાર, ઉપપ્રમુખ ભરતસિંઘ ચૌધરી, કલ્પેશ ચૌહાણ વિગેરે હાજર રહેશે. તેમ સંસ્થાના મહામંત્રીએ જણાવ્યું છે.





તસવીર : દિપક જાની

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થયું છે ત્યારે વવિધ પાર્ટી દ્વારા પોતાના મત વિસ્તારમાં પોતાના મધ્યસ્થ કાર્યાલયોનું ઉદ્દઘાટન થઈ રહ્યું છે ત્યારે ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવાર એમ.આર. પટેલ દ્વારા ગાંધીનગર સેકટર-૨૨ સ્કાય વ્યુ કોમ્પ્લેક્ષ ખાતે મધ્યસ્થ કાર્યાલયનું પૂજા વિધિ સાથે ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉદ્દઘાટન સમયે જી.પી.પી.ના પ્રદેશ મહમંત્રી વિક્રમભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. સાથો સાથ શહેર તેમજ જિલ્લાના તમામ કાર્યકરોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

# વાઈબ્રન્ટ સમિટ પૂર્વે 'ચ' માર્ગને ચકાચક બનાવવાનું કામ શરૂ

## શાહપુર સર્કલની કાયાપલટ કરવા પણ ઔડા અને ગુડાનું તંત્ર હરકતમાં આવ્યું

ગાંધીનગર, તા.૪

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી માર્ગોને ચકાચક બનાવવાનું કામ શરુ કરી દેવાયું છે. શહેરના ચ માર્ગ રોડ નં. ૫ના નવિનીકરણનું કામ હાથ ધરવામાં આવ્યું છે. નિયત સમયના અંતે માર્ગોને ટનાટન બનાવવા રૂ. ૧૦ કરોડ ખર્ચ થાય તેવો અંદાજ છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૩ પાટનગરમાં મહાત્મા મંદિર પર યોજવા માટે જિલ્લાથી રાજય કક્ષાના વિવિધ સરકારી તંત્ર હરકતમાં આવી ગયાં છે. તેમાં પ્રથમ તબક્કે શહેરના એવા માર્ગ કે, જયાંથી મહાનુભાવોની લકઝુરિયસ ગાડીઓ પસાર થવાની છે તેવા માર્ગ ચકાચક કરવાનું કામ શરુ કરી દેવાયું છે. દરમિયાન અમદાવાદથી આવતા માર્ગમાં વચ્ચે આવતાં શાહપુર સર્કલને વિકસાવી દેવાનો નિર્ણય લેવાયો છે. કેપીટલ બ્યુટીફિકેશનના આવા દરેક કામ ૧ જાન્યુઆરી પહેલા પૂર્ણ કરી દેવાના લક્ષ્યાંક અપાયા છે. વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેનારા દેશ અને વિદેશના મોટા ભાગના મહાનુભાવોના રાત્રિ રોકાણની વ્યવસ્થા અમદાવાદમાંથી, ફોર અને ફાઈવ સ્ટાર હોટેલ્સમાં કરવામાં આવતી હોય છે પરીણામે તેઓને સવારે અમદાવાદથી ગાંધીનગર લાવવામાં આવે છે અને સાંજે પરત મુકવા જવાય છે. પરિણામે ઉપરોકત મહાનુભાવોની ગાડીના રૂટમાં આવતા દરેક માર્ગને દુલ્હન જેવા સજાવી દેવામાં આવશે. તેમાં પાટનગરનાં ચ માર્ગ, ખ માર્ગ અને માર્ગ નંબર-૫નો સમાવેશ થાય છે. આ દરેક માર્ગને રી-સરફેસ કરી દેવા ઉપરાંત તેની સેન્ટ્રલ વર્જમાં રાતો રાત આકર્ષક ફુલ છોડ રોપી દેવાશે. રોડ પર પટ્ટા અને ફૂટપાથને રંગી દેવાની સાથે રસ્તામાં આવતા સર્કલની સૂરત બદલી દેવાશે. શહેરની બહાર આવતા શાહપુર પાસેના સર્કલની સકલ ફેરવી નાખવાનો નિર્ણય પણ લેવાઈ ગયો છે. તેના માટે ઔડા અને ગુડાના તંત્રને પણ કામે લગાડવામાં આવ્યા છે. પાટનગર યોજના વિભાગના સૂત્રોમાંથી જાણવા મળ્યા પ્રમાણે શાહપુર સર્કલને વિકસાવવાનું છે. પરંતુ તે વિભાગના કાર્યક્ષેત્રમાં આવતું નહીં હોવાથી તેની કામગીરી માટે જે ઓથોરિટી કામ કરશે તેને જરુરી માર્ગદર્શન આપવામાં આવશે. ચૂંટણી વખતે આવા મોટા કામ હાથ ધરવામાં આવે તો સ્વાભાવિક રીતે જ વિપક્ષને આચાર સંહિતા ભંગની ફરિયાદ કરવાની તક મળી જાય તેમ હતું. પરંતુ ઉપરોકત કામો બજેટેડ જ હોવાથી ચૂંટણીના દિવસો દરમિયાન જ કરવામાં આવતાં હોવા છતાં કોઈ ફરિયાદ થઈ શકે તેમ નથી.

## ગાંધીનગરના 'ડસ્ટબીન' પ્રૉજેક્ટ માટે સાંકાભાઈ પટેલને એવોર્ડ મળ્યો

ગાંધીનગર, તા. ૪



જાયન્ટસ ઈન્ટરનેશનલ ફેડરેશન -ઉબીએ અંબાજી ખાતે તેમના કન્વેશનમાં જાયન્ટસ ગ્રુપ ઑફ ગાંધીનગર (મેઈન)ના પ્રેસીડેન્ટ શ્રી સાંકાભાઈ જે. પટેલને બેસ્ટ પ્રેસીડેન્ટના પ્રમાણપત્રથી જાયન્ટસ ઈન્ટરનેશનલ મુંબઈના ડેપ્યુટી વર્લ્ડ ચેરમેન ગિરીશભાઈ કાપડીયાએ સન્માનિત કર્યા હતા. જાયન્ટ્સ ગ્રુપ ઑફ ગાંધીનગરે ગાંધીનગર શહેરમાં "મારૂં શહેર સ્વચ્છ શહેર" પ્રોજેક્ટને 'ડસ્ટબીન' પ્રૉજેક્ટનો એવોર્ડ આપવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં જાયન્ટસ ગ્રુપ ઑફ ગાંધીનગર સાહેલીની સ્થાપના કરવા માટેનો 'સ્પોન્સરીંગ ન્યુ ગ્રુપ'નો એવોર્ડ તથા ગ્રુપને રૂા. ૨૫૦૦ નું યોગદાન આપેલ છે.

જાયન્ટ્સ ઈન્ટરનેશનલ ફેડરેશન-ઉબીના યુનિટ કક્ષાના બેસ્ટ પ્રેસીડેન્ટ તરીકે સાંકાભાઈ જે. પટેલને એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે. જાયન્ટ્સ ગ્રુપ ઑફ ગાંધીનગર (મેઈન) જાયન્ટ વીક ઉજવણી' એવોર્ડ આપવામાં આવેલ છે. ઉપપ્રમુખ શ્રી બાબુભઆઈ એમ. પટેલે જણાવેલ છે.

# એ-રાહેજા બિલ્ડીંગના સાતમા માળેથી પડી જતાં શ્રમિકનું મોત

## મધરાત્રે શ્રમિક કેવી રીતે જમીન પર પટકાયો તેનું રહસ્ય અકબંધ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર-કોબા માર્ગ પર આવેલી એ-રાહેજા બિલ્ડીંગના સાતમા માળેથી પડી જતાં ૨૦ વર્ષીય મજૂરનું કરૂણ મોત નિપજયું છે. યુવાન કેવી રીતે સાતમા માળેથી નીચે પટકાયો તે હજુ સુધી સ્પષ્ટપણે બહાર આવ્યું નથી. અડાલજ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી મૃત્યુનું કારણ બહાર લાવવા તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગાંધીનગર નજીક કોબા પાસે આવેલી એ-રાહેજા બિલ્ડીંગનું બાંધકામ ચાલી રહ્યું છે. ગઈ કાલે મોડી સાંજે મજુરોએ કામ પતાવી દઈને રાતે સાતમા માળે બધા સાથે જમવા બેઠા હતા અને જમી પરવારીને તમામ સુઈ ગયા હતા. દરમિયાન રાત્રે ત્રણ વાગે તે પૈકીનો ૨૦ વર્ષીય મજુર સુનીલ મોરાલી ચૌહાણ બિલ્ડીંગ નીચે મૃત હાલતમાં પડયો હતો. સાતમા મજલેથી પડી જવાથી તેનું મૃત્યુ થયું હોવાનું બહાર આવ્યું છે પરંતુ તે સાતમા માળેથી કેવી રીતે નીચે પટકાયો તે બાબત હજુ રહસ્યમય છે. આ ઘટના અંગે સે-૭ પોલીસને જાણ થતાં સ્થળ પર પહોંચી ગઈ હતી. પરંતુ વિસ્તારની હદ અડાલજ પોલીસને લગતી હોવાથી તમામ કાગળો કરીને અડાલજ પોલીસને સોંપવામાં આવ્યા હતાં. અડાલજ પોલીસો અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહને પીએમ માટે મોકલી જમાદાર ભીખુભાઈએ તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

# થેલેસેમીયા-હિમોફીલીયાના દર્દીઓ માટે ૬ ડિસેમ્બરે વકીલોનો રક્તદાન કેમ્પ

## રક્તદાતાને મોમેન્ટો અને પ્રમાણપત્ર એનાયત

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ બાર એસોસીએશન તેમજ જુનિયર સિટીઝન કાઉન્સીલના સંયુક્ત ઉપક્રમે થેલેસેમીયા, હિમોફીલીયા તેમજ કેન્સરના દર્દીઓની જરૂરીયાતને ધ્યાને લઈ આગામી તા. ૬ ડિસેમ્બરના રોજ બપોરે ૨.૦૦ કલાકે કોર્ટના બાર રૂમમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ બાર એસોસીએશનના પ્રમુખ સલીમ યુ. મોદને આ અંગે માહિતી આપતાં જણાવ્યુ ંછે કે બ્લડ પ્રોગ્રામ કોઓડીનેટર અમદાવાદ સિવિલ હોસ્પિટલના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્સર, થેલેસેમીયા, હિમોફીલીયા, સિકલસેલના દર્દીઓને લાંબુ આયુષ્ય મળે તેવા આશયથી રક્તદાનના ઉમદા કાર્યનું આયોજન કરવામાં આવ્યું છે. આ રક્તદાન કેમ્પમાં કોર્ટના અધિકારી કર્મચારીઓ, સરકારી વકીલો તેમજ અન્ય વકીલો પણ રક્તદાન કેમ્પમાં જોડાશે. અગાઉ પણ ડિસ્ટ્રીક્ટ બાર દ્વારા કોર્ટના વકીલો માટે મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા ખરા વકીલોમાં ડાયાબીટીસની તકલીફ જોવા મળી હતી. વધુમાં તેમણે જણાવ્યા મુજબ ડીસ્ટ્રીક્ટ જજ જી.કે. ઉપાધ્યાય તેમજ ડીસ્ટ્રીક્ટ બાર એસોસીએશનના અશોક ગોસાઈ, ધવલ મહેતા, હિતેશ બી. રાવલ, ચિંતન ત્રિવેદીના સહયોગથી યોજાનાર આ બ્લડ ડોનેશન કેમ્પમાં રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવામાં આવશે. રક્તદાતાઓને મોમેન્ટો, ઉપરાંત જુનીયર સિટીઝન કાઉન્સિલ તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે. આ ઉપરાંત બ્લડ ટેસ્ટનો રિપોર્ટ પણ સંસ્થા તરફથી અપાશે. જયારે રક્તદાતાને ભવિષ્યમાં રક્તની જરૂરીયાત ઉભી થાય તો બ્લડ પરત મળે તે અંગેનું સર્ટીફિકેટ પણ અપાશે.

## અંતિમ ધામ ખાતે સ્વજનોના અસ્થિ વિસર્જન પૂર્વે પ્રાર્થના સભા યોજાશે

### ૧૦ ડિસેમ્બરે સદ્દગતના અસ્થિઓનું હરિદ્વારમાં વિસર્જન કરાશે

ગાંધીનગર, તા. ૪

શહેર વસાહત મહામંડળ દ્વારા સ્વજનોના અસ્થિ વિસર્જન અન્વયે આગામી તા. ૮ ડિસેમ્બરના રોજ સવારે ૯.૩૦ કલાકે અંતિમધામ ખાતે પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા અનુસાર શહેરમાં તા. ૮ સપ્ટેમ્બરથી ૭ ડિસેમ્બર દરમિયાન સદ્દગત પામેલ સ્વજનોના અસ્થિઓનું તા. ૧૦ ડિસેમ્બરના રોજ હરિદ્વારમાં વિધિવત વિસર્જન કરવામાં આવનાર છે. જેને અનુલક્ષી તા. ૮ ડિસેમ્બરના રોજ સદ્દગતના આત્માઓની શાંતિ અર્થે અંતિમધામ ખાતે પ્રાર્થના સભા યોજવામાં આવનાર છે. જેમાં સ્વજનોના સગા, સ્નેહી અને મિત્રોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે. શહેર વસાહત મહામંડળના ઉલ્લાસ વોરા અને જે.કે. પટેલ, અસ્થિ વિસર્જનના ઉમદા કાર્યમાં મદદરૂપ થશે. અંતિમધામ ખાતે ઉપસ્થિત ન રહી શકે તેવા સદ્દગતના સ્નેહીઓ તા. ૧૦ ડિસેમ્બરના રોજ નગરના રેલવે સ્ટેશન પર સવારે ૯.૪૦ થી ૧૦.૧૫ કલાક દરમિયાન પ્લેટફોર્મ નં. ૨ પર અસ્થિકુંભના દર્શન માટે આવી શકશે તેમ પણ તેમણે જણાવાયું છે.

# સે-૨૯ના જાહેર બગીચામાં જુગાર રમતા ચાર ઝડપાયા

## રૂ. ૨.૦૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચારેય શકુનીઓની ધરપકડ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરનાં સેકટર-૨૯ ખાતે જાહેર બગીચામાં ખુલ્લેઆમ કેટલાક શખ્સો ટોળુ વળીને બાજી માંડીને બેઠા હોવાની બાતમી ને આધારે સે-૨૧ પોલીસની ટીમે બપોરે દરોડો પાડીને ચાર શકુનીઓને જુગાર રમતાં રંગે હાથ ઝડપી પાડયા છે. ચારેય શખ્સોની ધરપકડ કરીને કાર સહિત રૂ. ૨.૦૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પી.એસ.આઈ. પી.જે. સોલંકીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના સેકટર-૨૯ ખાતે બગીચામાં ખુલ્લેઆમ કેટલાક શખ્સો તીન પત્તીનો જુગાર રમી રહ્યા હોવાની બાતમી સે-૨૧ સિનિ. પી.આઈ. એસ.ડી. પટેલને મળતા તેમની ટીમને બાતમી વાળા સ્થળે મોકલી દીધી હતી. પી.એસ.આઈ. પી.જે. સોલંકી તથા સી.બી. ચૌહાણે તેમની ટીમ સાથે બગીચામાં દરોડો પાડીને ચાર શખ્સોને રંગે હાથ ઝડપી પાડયા હતાં. શહેરના સેકટર-૭-સી પ્લોટ નં. ૮૩૮/૧માં રહેતો ધરમ રૂપાજી પરમાર, સે-૩-ન્યુ પ્લોટ નં. ૨૯૦/૨માં રહેતો સતીષ ચંદ્રકાન્ત મોહલીયા, સે-૨૯ છ ટાઈપ બ્લોક નં. ૧૨૩/૭માં રહેતો સંજય સજુભા ઝાલા અને સે-૨૭ 'જ' ટાઈપ બ્લોક નં. ૧૨૫/૭માં રહેતો સુરેશગીરી રમેશગીરી ગોસ્વામી મળીને ચારેય જુગારીઓની ધરપકડ કરીને ચાર મોબાઈલ, એક ગાડી નં. જીજે-૧૮ બી.એ. ૮૨૦૪ તથા રોકડ રૂ. ૨૧૦૬ મળીને રૂ. ૨,૦૧,૯૬૦નો મુદ્દામાલ કબજે કરીને સે-૨૧ પોલીસે સઘન કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાત પોલીસની તમામ PCR વાનમાં ફર્જી વેબસાઈટ...!!

## સ્પોન્સર્સ લીંક ખુલતા અવઢવ : વિવિધ જિલ્લાઓમાં હજુ ટ્રાયલમાં હોવાથી તાત્કાલીક સુધારો કરી દેવા સુચના

ગાંધીનગર, તા.૪

ગુનાખોરીને નિયંત્રણમાં લેવા તથા ગુનેગારોને ગણતરીના સમયમાં ઝડપી પાડવાના હેતુસર વિવિધ જિલ્લાની પોલીસને આપવામાં આવેલી પી.સી.આર. વાન હજુ ટ્રાયલ બેઝ પર મુકવામાં આવી છે ત્યારે તમામ વાન પર હેલ્પ માટે ચીપકાવવામાં આવેલી વેબસાઈટ ફર્જી હોવાનું ધ્યાને આવ્યું છે. વાન પર લગાવાયેલી વેબ સાઈટ www.gujaratpolice.com પર સર્ચ કરતાં વિવિધ પ્રકારની સ્પોન્સર્સ લીંક ખુલે છે. જે સંદર્ભે ઉચ્ચ કક્ષાએ ધ્યાન દોરાતા ડીઝાઈનરે ભુલથી કન્ફર્મેશન વગર જ વેબસાઈટ ચીપકાવી દીધી હોવાનું જણાવી તાત્કાલીક તે તમામ પીસીઆર વાનની વેબસાઈટમાં સુધારો કરવા સુચના આપી દેવામાં આવી છે.



તસવીર : વિપુલ ચૌહાણ

વિવિધ જિલ્લાની પોલીસને ફાળવવામાં આવેલી પી.સી.આર. વાનમાં ઓફીશીયલ વેબ સાઈટ હોવી જરુરી છે જેનાથી પ્રજાને મદદ મેળવવામાં પણ સરળતા રહે...! જેમાં ગુજરાત પોલીસની ઓથેન્ટીક વેબ સાઈટ અથવા જે તે જિલ્લા કે શહેરની વેબસાઈટ ચીપકાવવી જરુરી છે. જો કે બે મહિના પહેલા વિવિધ જિલ્લાઓને ટ્રાયલ બેઝ પર ફાળવવામાં આવેલી તમામ પી.સી.આર. વાનમાં ચીપકાવેલું વેબ સાઈટ એડ્રેસ ફર્જી હોવાનું ધ્યાને આવતા ઉચ્ચ કક્ષાએ આ સંદર્ભે ધ્યાન દોરવામાં આવ્યું છે. આ પ્રકારની મોટી ભુલ ડીઝાઈનરે વેબ સાઈટ એડ્રેસ-કન્ફર્મ કર્યા વિના જ લગાવી દઈને કરી હોવાનું ઉચ્ચ કક્ષાએથી સ્વીકારીને તાત્કાલીક ધોરણે તમામ પીસીઆર વાનના વેબસાઈટ એડ્રેસ બદલી દેવા સુચના આપી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ઉપરોકત ફર્જી વેબ સાઈટ www.gujaratpolice.com થઈ ગયું છે જેવી કોઈ વેબસાઈટ જ નથી...! આ એડ્રેસને કલીક કરવાથી નરેન્દ્ર મોદીના કેમ્પેઈન, ટ્રાવેલ્સ એજન્સી સહીતની વિવિધ સ્પોન્સર્સ લીંક ખુલે છે..!

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪

સૂર્યાસ્ત : ૫.૫૨

## તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૩૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાય(હિન્દી) : ૧૦.૦૦
તલાશ : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦,૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
તલાશ : ૧૦.૦૦,૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
લાઈફ ઑફ પાય (હિન્દી) : ૧૧.૧૫, ૭.૪૫
તલાશ : ૨.૧૫, ૫.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૦૦
જબ તક હૈ જાન : ૧૨.૪૫, ૬.૪૫
સન ઑફ સરદાર : ૪.૦૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાય(હિન્દી) ૩-ડી : ૯.૧૫, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦
ટ્વાલાઈટ પાર્ટ-૨: ૧૧.૪૫
તલાશ : ૯.૩૦

: સ્ક્રીન-૨ :
તલાશ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
તલાશ : ૮.૦૦, ૧૧.૦૦, ૮.૧૫
સન ઑફ સરદાર : ૨.૦૦
જબ તક હૈ જાન : ૫.૦૦

: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

તલાશ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
તલાશ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
સન ઑફ સરદાર : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
જબ તક હૈ જાન : ૧૦.૧૫, ૧.૩૦, ૧૦.૧૫
તલાશ : ૫.૦૦, ૭.૩૦

### ચિરાગ, કલોલ

તલાશ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું. શિક્ષા, સ્નેહીજનો અને મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યમાં સમય પસાર થશે સાથે તેમનો સાથ સહકાર પણ મળી રહેશે.

**વૃષભ** : પર્યટન આમોદ-પ્રમોદના વિશિષ્ટ યોગ. શત્રુ પરાસ્ત થશે, વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ મળી શકે. આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તન થઈ શકે છે. સમયનો સદુઉપયોગ આકાંક્ષાઓની પૂર્તિ થતી જણાય.

**મિથુન** : સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. વિદ્યાર્થી પોતાના મહેનતથી આગળ વધશે. વ્યાપાર- વ્યવસાયમાં વૃદ્ધિના થઈ શકે છે.

**કર્ક** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત મળી શકે છે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં સફળતા પ્રાપ્ત મેળવી શકશો.

**સિંહ** : વ્યાપાર સારો ચાલશે. ધાર્મિક કાર્યો તરફ તમારી આસ્થામાં વધારો થશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલ લાવવો હિતકારી રહેશે.

**કન્યા** : કૌટુંબિક સુખથી મન પ્રસન્ન રહેશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. આજે પ્રેમ સંબંધોમાં સફળતા મેળવી શકશો.

**તુલા** : કલાત્મક ક્ષેત્રમાં જોડાયેલા વ્યક્તિઓને કાર્યમાં સફળતા મળી શકે છે. પદ- પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વધારો થઈ શકે છે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થઈ શકે છે.

**વૃશ્ચિક** : આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓનો યોગ. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. કુટુંબમાં માંગલિક કાર્ય થઈ શકે છે. આવક કરતાં ખર્ચ વધી ન જાય તેની કાળજી રાખવી.

**ધન** : વિચારેસા કાર્ય પૂર્ણ થશે. માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે.

**મકર** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની આશંકા રહેશે. કાયદાકીય બાબતોમાં સફળતા મળશે. તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ મળવાની સંભાવના છે. નવી યોજનાઓ વિચાર વિર્મશ થઈ શકે છે.

**કુંભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. નોકરીમાં અધિકારીઓથી વિવાદ થઈ શકે છે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થશે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે.

**મીન** : માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે. દૈનિક વ્યાપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે. વિવાદમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે.

## ચિરવિદાય

- સ્વ. મીનાબા નાથુજી રાઠોડ (ઉ.વ.૮૦)મુ.પો. કોલવડા,તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પાલીબેન ગોબરદાસ પટેલ (ઉ.વ.૯૨)પ્લોટ નં. ૩૩૫, ગાયત્રીનગર સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. કવિતાબેન રાજકુમાર ચંચલાણી (ઉ.વ.૫૫)પ્લોટ નં. ૪૩૩, સેકટર-૨૩, ગાંધીનગર.